હમ્દ બેઈસ્મેહી ત્આલા નાઅત

# ઈમાની તારલા

## (ભાગ-૨)

-: સંપાદક :-

પીરઝાદા સૈયદ દાદામિયાં શમ્સુદ્દીન કાદરી

મુ. રૂપાલ, વાયા બાવલા

જી. અહમદાબાદ.

-: પ્રકાશક :-

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ, વાયા બાવલા

જી. અહમદાબાદ. પીન-૩૮૨ ૨૨૦.

ખિદમત સીરીઝ નં. ૩

# ઈમાની વારસા

(ભાગ-૨)

સંપાદક :
પીરઝાદા સૈયદ દાદામિયાં એસ. કાદરી
મુ. રૂપાલ, વાયા-બાવલા
પીન : ૩૮૨ ૨૨૦.

પ્રકાશક :
સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી
મુ. રૂપાલ, વાયા બાવલા
પીન: ૩૮૨ ૨૨૦.

આવૃત્તિ પ્રથમ   પ્રત ૧૦૦૦
માહે રજજબ હિજરી ૧૪૧૯ ઓકટોબર ઈ. ૧૯૯૮

ખિદમત સિરિઝ નં.૩

મુદ્રક : એટોઝ પ્રિન્ટર્સ
૨૩, જુમસન ચેમ્બર્સ, પથ્થરકૂવા,
અરબ મસ્જિદ પાછળ, અહમદાબાદ.

૭૮૬-૯૨

# બે બોલ

અલહમ્દો લિલ્લાહ !

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી. તેના પ્યારા મહેબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વસીલાથી બુઝૂર્ગોની દુઆથી. અમારી કમિટી આપની સમક્ષ **ખિદમત સીરીઝ નં.૩** મુકતા આનંદ અનુભવે છે.

ગયા વર્ષે અમોએ **ઈમાની તારલા** ભાગ-૧ પ્રસિદ્ધ કર્યો હતો. જે વાંચક વર્ગમાં ખૂબ આવકાર પામ્યો અને ભાગ-૨ પ્રસિદ્ધ કરવા ઘણાએ રજૂઆત પણ કરી અમારી આ નાનકડી સેવાને બિરદાવતા ઘણો પત્રો પણ મલ્યા છે અને રૂબરૂ અભિનંદન પણ લોકોએ પાઠવ્યા તે તમામ કદરદાન ભાઈ-બહેનોનો આભાર કેમ ભુલાય ?

અત્રે **ઈમાની તારલા** ભાગ-૨ રજૂ કરી રહ્યા છીએ . આ પણ અમારા રૂહાની રાહબર પીરે તરીકત **હઝરત સૈયદ દાદામિયાં એસ. કાદરી** બાવાસાહેબના ચુનંદા લેખોનો સંગ્રહ છે. જે આપને પસંદ પડશે તેવી નેક આશાની ઉમ્મીદ છે.

ધંધાકીય જાહેર ખબરો આપી પ્રકાશન કાર્યમાં આર્થિક મદદરૂપ બનનાર તમામ વહેપારી મિત્રોના ઋણી છીએ. ઇન્શા અલ્લાહ ટૂંક સમયમાં ખિદમત સિરિઝ નં.૪ **નસીમે સહર** પ્રસિદ્ધ કરશું ખુદા હાફિઝ.

- પ્રકાશક

# હાદીયે આઝમની પધરામણી

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

મોહંમદ મુસ્તફા જબ આમેના બીબીકે ઘર આયે
ફરિશ્તે અર્શે આઝમસે, સલામીકો ઉતર આયે.
વોહ મખ્દુમે દો આલમ, અહમદે મુખ્તાર આયા આજ
મુબારક હો તુજે ઉમ્મત તેરા ગમખ્વાર આયા આજ

પ્યારા ઈમાની રિશ્તેદારો ! અસ્સલામો અલયકુમ

યૌમે મિલાદુન્નબીનો પવિત્ર દિવસ એટલે દુનિયાના મહાન કર્મવીર, ક્રાંતિકારી, મહાન દીનદાર, મહાન સમાજ સુધારક, મહા દયાવાન, મહા સંસ્કારી, મોટી અઝમત અને મર્તબાના માલિક એક લાખ ચોવીસ હજાર અંબિયાઓના સરદાર, મેઅરાજના દુલ્હા, સાકીએ કૌસર, શાફએ મહેશર, નૂરે મુજસ્સમ, હાદીએ આઝમ રહમતે આલમ અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો પવિત્ર જન્મ દિવસ.

આ તે પવિત્ર દિવસ છે. જેનો ઈન્તઝાર (પ્રતિક્ષા) દરેકને હતો. યતીમો પોતાના માથા પર પ્રેમથી હાથ ફેરવનારની રાહ જોતા હતા. બેવાઓ (વિધવાઓ) પોતાના મદદગારની વાટ જોતી હતી. ગરીબો અને બેસહારાઓ પોતાના હામી અને તારણહારની ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા. રાહ ભુલ્યાઓને માર્ગદર્શકની જરૂર હતી. મઝલુમોને આશરો આપનારની પ્રતિક્ષા હતી. જાહીલોને પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવવા મોઅલ્લીમની જરૂર હતી એ તમામના અરમાનો અને આરઝુઓ એક સાથે અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મોકલીને પુરા કરી દીધા. સાચે જ

શાયરે બહુ સરસ કહ્યું છે કે.

"ખુદાને એક મોહમ્મદમેં દે દીયા સબ કુછ
કરીમકા કરમ બે હિસાબ કયા કહેના,"

હાદીયે આઝમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પધરામણી એટલે દુનિયામાં નૂર (પ્રકાશ) ની પધરામણી. તે નૂરમાં ઈલ્મ પણ હતો. અદાલત પણ હતી, દયા પણ હતી. સખાવત પણ હતી. સુજાઅત પણ હતી. સદાકત પણ હતી. ઈબાદત પણ હતી. ઈન્સાનીયતના તમામ ગુણોનો ભંડાર હતો. જે આ મુકદ્દસ નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની પવિત્ર બારગાહમાં ગયો. અકીદત અને મહોબ્બત સાથે પોતાની ઈચ્છા પ્રગટ કરી જેને જે જોઈતું હતું તેણે તે દરબારે આલમમાંથી પ્રાપ્ત કરી લીધું.

હઝરત અબુબક્કર ગયા તો સિદ્દીક બની ગયા. હઝરત ઉમર ગયા તો ફારૂકે આઝમ બની ગયા. હઝરત ઉસ્માન ગયા તો ગની બની ગયા. હઝરત અલી ગયા તો શેરે ખુદા બની ગયા. જેણે જે મેળવ્યું તેણે ફકત આ મહાન નબીની બારગાહથી જ મેળવ્યું. એવા મહાન રસુલની પવિત્ર યાદગાર મિલાદુન્નબીનો દિવસ એટલે જગતના મુક્તિદાતાની પધરામણીનો દિવસ. હાદીયે આઝમની પવિત્ર પધરામણીનો દિવસ.

હાદીયે આઝમની પધરામણીથી શાને આઝમ અને શૌકતે રૂમનો નાશ થયો. મજુસીયતના મહેલો જમીનદોસ્ત થયા કુફ્રનો આતીશકદો ઠંડો થઇ ગયો. સનમખાનાઓમાં ખાક ઉડવા લાગી, નશરાનીયતનો રાક્ષસ હેઠો પડયો. તૌહીદ (એકેશ્વરવાદ) નાં ડંકા ચારે દિશાએ ધમધમી ઉઠયા. આફતાબે હિદાયતના કીરણો ચારે તરફ ફેલાઇ ગયા અને એક અવાજ બુલંદ થયો કે અબ્દુલ્લાહના નુરે નઝર

જીગર ગોશએ આમેના, શાહે હરમ, હાકીમે અરબ, પયગમ્બરે આખેરૂઝઝમાં, શહેનશાહે કૌનો મકાં, માલીકે ઈન્સ વ જાં, મહેબુબે કિબ્રીયા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ નાશવંત જગત પર તશરીફ લાવ્યા છે. (આપનો જન્મ મુબારક થયો છે.)

અલ્લાહના આ મહાન રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની તારીફ મારી અલ્પ ઈલ્મ ધરાવતી કલમ શું કરવાની હતી. જેને કોઈ ઝીનતે આલમ કહે છે, કોઈ અઝમતે આદમ કહે છે. કોઈ મુરસીલે દાવર કહે છે કોઈ સાકીએ કૌસર કહે છે. કોઈ શાફીએ મહેશર કહે છે, કોઈ મુનીસો હમદમ કહે છે. કોઈ નૂરે યઝદાની કહે છે, કોઈ હુસ્ને લાસાની કહે છે, કોઈ ઝિલ્લે સુબહાની કહે છે, કોઈ શમ્એ ઈરફાની કહે છે. કોઈ ફખરે ઈન્સાની કહે છે, કોઈ રૌનકે કાબા કહે છે. કોઈ સુલતાને મદીના કહે છે. કોઈ કિબ્લયે હાજાત કહે છે. કોઈ સદરે કાયનાત કહે છે. કોઈ બદરે મખ્લુકાત પણ કહે છે. અય હાદીયે આઝમ મારી શી વિસાત કે હું આપની નાઅતનો હક અદા કરૂં ! યા રસુલલ્લાહ આપનો જ કરમ હોય, આપની જ મહેરબાની હોય, તો જ આ નાચીઝ બે શબ્દો લખવા શક્તિમાન બની શકે છે.

યે સબ તુમ્હારા કરમ હૈ આકા
કે બાત અબતક બની હુઈ હૈ.

પ્યારા દીની ઈમાની ભાઈઓ યૌમેમીલાદુન્નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એટલે તમામ ખુશીઓ અને ઈદોથી વધીને અતિપવિત્ર અને મુબારક દિવસની શાન ઈન્સાન શું સમજી શકે. જે દિવસે ફરિસ્તાઓ પણ ઈદ ઉજવે છે. આવો આપણે પણ તેમાં શામીલ થઈ પોતાની દુનિયા અને આખેરતને નેકીઓના મોતીઓથી સજાવીએ.

મીલાદે નબી કી હર મહેફીલ ઉનવાને ઈબાદત હોતી હૈ.
જબ ઝીકરે મોહમ્મદ હોતા હૈ જન્નતકી બશારત હોતી હૈ.
- અઝ પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી (રૂપાલ)

# શરીઅતની પાબંદી

- જ. સૈયદ દાદામિયાં કાદરી (રૂપાલવાલા)

વાત છે... પશ્ચિમ બંગાળના સુબા ગ્યાસુદ્દીનની. એક દિવસ સુલતાન ગ્યાસુદ્દીન તીર કામઠાં લઈને તેની પ્રેકટીશ કરવા માટે તીર છોડી રહ્યા હતા.

અચાનક એક તીર એક વિધવાના એકના એક પુત્રને વાગે છે, છોકરો જખ્મી બને છે. વિધવાને પોતાના વહાલસોયા પુત્રની પિડા જોઈ શકાતી નથી. તે આંસુ સારતી બાળકની માવજત કરે છે અને તેને ખબર પડે છે કે આ તીર તો બાદશાહે ચલાવ્યું હતું. વિધવા બાઈ યોગ્ય વળતર મેળવવા કાઝીની કોર્ટમાં ફરીયાદ કરે છે.

કાઝી સાહેબ ફરીયાદ સાંભળે છે. દરેક બાબતનો ઉંડો વિચાર કરે છે અને પોતાની દીર્ઘ દષ્ટિથી નક્કી કરે છે કે, ખરેખર બાદશાહે છોડેલ તીર આ છોકરાને વાગ્યું છે. કાઝી પોતે એક મુશ્કેલીમાં છે જો બાદશાહને મુજરીમ તરીકે બોલાવે તો બાદશાહનો ખૌફ (ડર) લાગી રહ્યો છે. ત્યારે જો બાદશાહને નિર્દોષ છોડે તો અલ્લાહ તઆલાનો ખૌફ એથી પણ વધારે ધ્રુજાવી રહ્યો છે. આખરે કાઝીને અલ્લાહના ખૌફે ડરાવી દીધો અને બાદશાહને જવાબ આપવા માટે કોર્ટમાં હાજર થવા ફરમાન મોકલ્યું.

કાઝીનું ફરમાન મળતાંની સાથે જ સુલતાન ગ્યાસુદ્દીન પોતાના લઘરવઘર કપડાંની હાલતમાં જ આવવા તરત તૈયાર થાય છે. પણ સાથે એક નાનકડી તલવાર પોતાના કપડામાં સંતાડીને લેતો આવે છે. કાઝીની સામે એક ગુનાહગારની જેમ હાજર થાય છે.

કાઝી સાહેબ ન્યાય આપે છે અને યોગ્ય વળતર રૂપે ગરીબ વિધવાને બાદશાહ પાસેથી છોકરાને તીર વગાડવાના બદલા રૂપે મોટી રકમ અપાવે છે. બાદશાહ તરત જ ન્યાયને માન્ય રાખી તે વિધવાને કાઝીના હુકમ મુજબ તરત જ રકમ અદા કરે છે.

આ ફેસલો થઇ ગયા બાદ કાઝી પોતાના સ્થાનેથી ઉભા થઇ બાદશાહના ચરણોમાં ઝુકી જાય છે અને કહે છે માફ કરશો ન્યાય એવો હતો કે હું આપના માટે કોઇ ખાસ વ્યવસ્થા કરી શકયો નથી. ત્યારે બાદશાહ પોતે પોતાના કપડામાં છૂપાવી રાખેલ તલવાર કાઢીને કાઝીને કહે છે કે, શાબાશ ! તમોએ જે ઇન્સાફ કર્યો છે તેથી હું ખુબ ખુશ થયો છું તમોએ શરીઅતની પાબંદી સાથે કામ કર્યું છે. જો તમો શરીઅત વિરૂદ્ધ ફેસલો આપ્યો હોત તો આ તલવારથી તમારૂં માથું ધડથી જુદું કરી નાખત.

ઇન્સાફ આનું નામ અને ખૌફે ખુદા (અલ્લાહનો ડર) આવો હોવો જોઇએ. ખૌફે ખુદા માણસને ગુનાહથી બચાવે છે અને હક પર કાયમ રાખે છે જે શરીઅતે મોહમ્મદી (સલલલ્લાહો અલયહે વસલ્લમ) પર અમલ કરે છે. અલ્લાહ તેના પર રહેમ અને કરમ ફરમાવે છે.

આજના સત્તાધિશો અને ન્યાયાધિશો પાસે આવી શુદ્ધતા અને તટસ્થા છે ખરી ?

## શબે બરાત : શુભ રાત

મુબારક રાત લેકર સાથ પૈગામે નજાત આઈ
ઈબાદતકે લિએ જો સબસે બહેતર હૈ વોહ રાત આઈ
ઈસી શબમેં ખુદા તકસીમે રિઝકો ઉમ્ર કરતા હૈ
મશીઅત આજ લેકર દફતરે મૌતો હયાત આઈ
ઉઠો મર્દાને શબ બેદાર મશગુલે ઈબાદત હો
મુબારક શબે બરાત આઈ મુબારક શબેબરાત આઈ

પ્યારા ઈમાની રીશ્તેદારો ! અલ્લાહ તઆલાની ઉમ્મતે મોહમ્મદીયા પર બેશુમાર નેઅમતો ઉતરી છે. જેનો જેટલો શુક્ર અદા કરીએ તેટલો ઓછો ગણાય. આગલી ઉમ્મતો પાસે ઉંમર (આયુષ્ય) ઘણા લાંબા હતા. લગભગ ૧૦૦૦ (હજાર) વર્ષ સુધીની જીંદગીઓ હતી. તેથી લાંબા આયુષ્યના કારણે માણસ નેકીઓ (સદકર્મો) પણ વધુ કરી શકે તે દેખીતી વાત છે. જ્યારે આપણી ઉંમર ઘણી નાની છે અને નાની થતી જાય છે. ઓછી ઉંમરના કારણે આપણી ઈબાદાતો બંદગીઓ પણ આગલા પૈગમ્બરોની ઉમ્મતના પ્રમાણમાં ઓછી થઈ જાય છે. તેથી અલ્લાહ તઆલાએ તેના પ્યારા હબીબ બંને જહાનના સરદાર હુઝૂર રહમતુલલીલ આલમીન અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મત પર એક એવો અહેસાન કર્યો કે, એવી મુબારક રાત્રીઓ અર્પણ કરી કે જે રાત્રીનો ઈબાદતોનો સવાબ હજાર મહિના અને વર્ષોની ઈબાદતથી વધી જાય છે. આ મહાન નેઅમત હુઝૂરના સદકામાં અમ ગુનેહગારોને અતા થઈ છે. જે આગલા પયગમ્બરોની ઉમ્મતને પ્રાપ્ત ન હતી. એક રાત્રીની ઈબાદત હજાર મહિનાની ઈબાદતથી વધી જાય એટલે નાની

ઉંમરના માણસ પણ હજાર વર્ષની ઉંમરવાળા કરતા આગળ નીકળી જાય. સુબહાનલ્લાહ !

એવી કેટલીક મુબારક અને બરકતી રાત્રીઓ પૈકીની મહાન અઝમત અને બુઝુર્ગી વાળી રાત **શબેબરાત** છે. જે શાબાન મહીનાની પંદરમી રાત છે. શબ એટલે રાત બરાત એટલે નજાત (મોક્ષ) કે છુટકારો. આ મુબારક રાતને ટુંકમાં કેટલાક લોકો શુબરાત કે શુભ રાત પણ કહેતા હોય છે. શુભ એટલે તો સારી અને રાત એટલે રાત જ ખરેખર શબે બરાત શુભ રાત છે જ તેમાં શંકા નથી.

આ મુબારક રાતની ફઝીલત તો ઘણી લાંબી છે. આ રાતમાં ગુનેહગાર બંદાઓ સાચા દિલથી તૌબા કરે તો તેમની દુઆઓ કબુલ થાય છે. માણસને અઝાબ (સજા)થી બરાત (મુકિત) મળે છે. આ મુબારક રાતમાં માણસની રોઝી, જીંદગી અને મૌતનું નવા વર્ષનું લીસ્ટ તૈયાર થાય છે. રહેમતના, નજાતના, મગફેરતના અને બરકતના દરવાજા આ મુબારક રાત્રે ખુલ્લા મુકી દેવામાં આવે છે. જે બંદો રાત્રે ઉંઘનો ત્યાગ કરી ખુદા તઆલાની સમક્ષ નમાઝમાં મશગુલ થઈ જાય છે. તેના માથા ઉપર અનવારે ઈલાહીની ફરિશ્તાઓ વર્ષા કરે છે. ફાલતુ વાતોમાં, ગપ્પા મારવામાં, ટીવી વિડીઓને ક્રિકેટની મેચ જોવામાં જે લોકો આવી મુબારક રાતની પરવા નથી કરતા, તે ખરેખર ખુદાની રહેમતથી વંચિત રહે છે. આ રાત બંદગી માટે છે. ગુનાહોથી માફી માટે છે. મર્હુમોની મગફેરત માટે છે. તૌબાઓ અને દુઆઓને કબુલ કરાવવા માટેની છે.

## સલાતે ફાતેમતુઝ-ઝહરા

હઝરત શેખ અબુલ કાસીમ સફા (રહેમતુલ્લાહ અલયહ)થી નકલ છે કે એક રાત મેં સ્વપ્નમાં હઝરત બીબી ફાતેમ તુઝઝહરા

(રદિયલ્લાહો અન્હા)ને જોયા. સલામ કરીને મેં અરજ કરી, હે ખાતુને જન્નત ! આપ કઇ વસ્તુને અતિ પ્રિય જાણો છો ? જેને હું આપની રૂહ મુબારકને હદીયો પેશ કરૂં ? આપે ફરમાવ્યું હું દોસ્ત રાખું છું. શાબાન મહિનામાં આઠ રકાત નમાઝ જે એક સલામથી પઢવામાં આવે, જેમાં ચાર કાયદાહ થાય અને તેની દરેક રકાતમાં અલહમ્દો પછી સુરે ઈખ્લાસ (કુલ હોવલ્લાહ) અગિયાર વખત પઢે અને આ નમાઝનો સવાબ મને પહોંચાડે તો તે નમાઝ પઢનારની જ્યાં સુધી કયામતમાં શફાઅત નહીં કરાઉં ત્યાં સુધી જન્નતમાં પગ નહીં મૂકું. ઘણા નેક સ્વાલેહ લોકો આ નમાઝ શબેબરાત (શુભ રાત)માં અદા કરતા હોય છે.

*(હવાલા ફઝાઈલે શોહુરો સિયામ અને ગુનીયતુત્તાલેબીનમાંથી)*

અલ્લાહ તઆલા સૌને શબે બરાતની કદ્ર કરવાની અને તેમાં ઈબાદાત કરી સવાબે અઝીમ મેળવવાની તોફીક અતા કરે આમીન.

***અઝ : પીર સૈયદ દાદામીયાં એસ. કાદરી (રૂપાલવાલા)***

## નમાઝની તજલ્લી

**સંપાદક : પીર સૈયદ દાદામીયાં શમ્સુદીન કાદરી (મુ. રૂપાલ)**

***ઝુકતા હય તેરે દર પર, હર સર-બલંદકા સર***
***સાજિદ હય સારા આલમ, મસજૂદ હય, તો તું હય***

નમાઝ-નમાઝ.... નમાઝ, કુર્આન શરીફ જે તમામ માનવજાત માટે શરઈ બંધારણ છે, તેમાં ઘણીવાર કહેવામાં આવ્યું કે, નમાઝ પઢો. નમાઝની તાકીદ આપણા નબીએ કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર વારંવાર ભારપૂર્વક અને ચેતવણી આપીને કરી છે. અલ્લાહની બારગાહમાં માથું ઝુકાવવા માટે, રડવા માટે, આજીજી

કરવા માટે, માનવી શા માટે હીચકીચાટ અનુભવે છે ? આપણા સર્જનહાર, માબુદ, રબ, અલ્લાહના દરબારમાં સિજદામાં પડીને (જમીન પર માથું રગડીને) તેનું સ્મરણ, સ્તુતી, તેની યાદ, તેની ઈબાદત અર્થાત પૂજા કરવાની છે, તેમાં પણ આપણે કેટલી બધી ગફલત, સુસ્તી, લાપરવાહી કરીએ છીએ ?

હદીસ શરીફમાં છે કે જ્યારે કોઈ બંદો નમાઝ પઢે અને તે નમાઝ જો કબુલ થઈ જાય, તો તે નમાઝના નૂરથી એક ફરિશ્તો પેદા કરવામાં આવશે. તે ફરિશ્તો ક્યામત સુધી નમાઝ જ પઢતો રહેશે. તેની નમાઝનો સવાબ પેલા નમાઝી (માનવીને) મળતો રહેશે.

માનવીના લોહીથી વીર્ય બન્યું. લોહીથી બુદ્ધિ બળ વધે, દિમાગમાં નમાઝનો વિચાર આવે. વીર્યમાંથી બાળક પેદા થાય છે. બીજી એક હદીસ શરીફમાં છે કે, માનવીની ઔલાદ તેની ઉત્તમ કમાઈ છે. એક હદીસ શરીફમાં છે કે, નેક ફરઝંદ સદકએ જારીયહ છે, જે તેના મરહૂમ મા-બાપ માટે દુઆએ ખેર કરે છે.

સુજ્ઞ વાંચકો ! હવે ઘણા ધ્યાનથી વાંચો કે ઔલાદ કે જે માનવીના નાપાક વીર્યમાંથી પેદા થાય છે, તેની ઈબાદતનો સવાબ તેના મરહુમ માં-બાપને મળે છે. તેવી જ રીતે માનવીના રૂહાની નુત્ફા એટલે નમાઝના નૂરથી જે ફરિશ્તો પેદા થાય છે, તે ફરિશ્તાની ઈબાદતનો સવાબ તે નમાઝીને અવશ્ય મળશે-ઈન્શા અલ્લાહ. ફરિશ્તો માસુમ હોય છે. તે પોતે સવાબનો મોહતાજ નથી, તેથી તે ફરિશ્તાની ઈબાદતનો સવાબ તેના રૂહાની માં-બાપ એટલે નમાઝીને મળશે.

સુજ્ઞ વાંચકો ! નુરે મુજસ્સમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું છે કે જે માણસે, નમાઝથી બહાર, કલામે ઈલાહીનો એક અક્ષર સાંભળ્યો, તેને દસ નેકી મળશે, દસ ગુનાહ માફ થશે અને દસ

દરજ્જા જન્નતમાં મળશે. જે માનવીએ કુર્આન શરીફનો એક અક્ષર નમાઝમાં બેસીને પઢ્યો હશે, તો દરેક શબ્દના બદલામાં પચાસ નેકી મળશે, પચાસ ગુનાહ માફ થશે અને જન્નતમાં પચાસ દરજ્જા બુલંદ થશે. જે માનવીએ ઉભા ઉભા નમાઝમાં કુર્આન શરીફ પઢ્યું હશે, તેને એક અક્ષરના બદલામાં સો નેકી મળશે, સો ગુનાહ માફ થશે અને જન્નતમાં તેના સો દરજ્જા બુલંદ થશે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો અન્હો) થી એક રિવાયત છે કે સરકારે મદીના (સલ્લલ્લાહો અલયહિ વ સલ્લમ) એ ફરમાવ્યું કે જે શખ્સ, ઈમામની સાથે શરૂમાં જ, 'અલહમ્દો' પઢાય ત્યારેજ, નમાઝમાં શામીલ થઈ ગયો, તો જાણે 'દારે કુફ્ર'ની જીત મેળવવામાં શરૂથીજ સામેલ રહ્યો હતો. પરંતુ જે શખ્સ 'અલ્હમ્દો' પુરી થાય, ત્યારે આખરમાં ઈમામ સાથે નમાઝમાં શામીલ થઈ જાય, તો તેનો દાખલો એવો છે, જાણે 'દારે કુફ્ર'નો વિજય મેળવ્યા બાદ, માલેગનીમત વ્હેંચતો હોય, ત્યારે તે આવ્યો હોય. તેનો અર્થ એ છે કે નમાઝની શરૂઆત થતાંજ તેમાં શામીલ થઈ જવું તે 'જેહાદે અકબર' અને **'અજરે અઝીમ'** છે. પરંતુ છેવટે દાખલ થઈ જવું, તે માલે ગનીમત મેળવવા માટે એટલે કે મફતનો સવાબ મેળવવા માટે છે.

**'કન્ઝુલ અમ્માલ'** માં લખ્યું છે કે હઝરત અબી ઉમામહ (રદિયલ્લાહો અન્હો) કહે છે કે નબીએ કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, જે સમયે બંદો નમાઝને માટે ઉભો થાય છે, ત્યારે તે નમાઝી માટે આકાશના દરવાજા ખોલવામાં આવે છે અને તે પડદા, જે બંદા અને અલ્લાહની વચ્ચે હોય છે, તે પડદા ઉડી જાય છે. અર્થાત નમાઝી વ્યક્તિ, તેની નમાઝમાં, અલ્લાહપાકની હુઝૂરીમાં હાજર થઈ જાય છે.

હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે જનાબ રિસાલત મઆબે (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) ફરમાવ્યું, કે જ્યારે કોઈ બંદો નમાઝમાં, રૂકુઅમાં જાય છે, ત્યારે તે નમાઝી પોતાના શરીરના વજન પ્રમાણે સોનું ખયરાત કરવાનો સવાબ મેળવે છે. જ્યારે તે બંદો રૂકુઅમાં **'સુબ્હાન રબ્બિયલ અઝીમ'** કહે છે, ત્યારે તમામ આકાશી કિતાબો પઢવાનો સવાબ મેળવે છે. (**'મજાલિસે સનિય્યહ'**) બેશક , **'મન તવાઝઅ લિલ્લાહે રફઅ હુલ્લાહો'** (અર્થ : જે શખ્સ અલ્લાહપાકને માટે ઝુકશે, અલ્લાહ પાક તેના મર્તબા બુલંદ કરશે.)

હઝરત હુઝયફા (રદિયલ્લાહો અન્હો) રિવાયત કરે છે કે રસુલે ખુદાએ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે અલ્લાહની નજીક સૌથી પ્યારી હાલત (બંદાની) એ છે કે બંદો સિજદામાં પડ્યો હોય અને તેનું મોઢું, અલ્લાહ પાકની સામે ખાક પર પડ્યું હોય.

**બસ, બચાલે નફસો-શયતાં સે ઈલાહી દિલ મેરા**
**કર મુનવ્વર, હુબ્બે રહમાં સે, ઈલાહી દિલ મેરા**
**પાક કર ઝુલ્માતે ઈસ્યાં સે, ઈલાહી દિલ મેરા**
**કર દે રોશન, નૂરે ઈરફાં સે, ઈલાહી દિલ મેરા**

અલ્લાહ ત્આલાએ, સિત્તેર હજાર વરસ સુધી ઈબાદત કરનાર શયતાનને એવો હુકમ કર્યો કે હઝરત આદમ (અલયહિસ્સલામ)ને સિજદો કર. તેણે સિજદો કર્યો નહિ. આ નાફરમાનીને લીધે, તેને અલ્લાહની બારગાહમાંથી કાઢી મૂકવામાં આવ્યો અને તે શયતાન-રજીમ બન્યો. (રજીમ એટલે તિરસ્કૃત થએલો). આ તો હઝરત આદમ (અલયહિસ્સલામ)ને સિજદો કરવાનો હુકમ હતો, તેની વાત થઈ. પરંતુ અલ્લાહ ત્આલાએ પોતે કુર્આને હકીમમાં, દરેક મોમીનને,

અલ્લાહને સિજદો કરવાનો-નમાઝ પઢવાનો હુકમ કરવામાં આવ્યો છે. મને જ સિજદો કર એવો હુકમ છે : એક વખત, બે વખત નહિ પરંતુ એ હુકમ વારંવાર કરવામાં આવ્યો છે, આ લગાતાર હુકમો હોવા છતાં, તમો તેને ન માને અને જાણી જોઈને નમાઝને છોડી દે, તો હવે તે કેવો મરદુદ બનાવવામાં આવશે ? ઘણાજ ખૌફનો મુકામ છે. બેનમાઝીઓને અલ્લાહ ત્આલા હિદાયત અને તૌફીક બક્ષે-આમીન.

**'અવારિફ' માં લખ્યું છે કે નમાઝમાં ચાર પરિસ્થિતિ છે.** (૧) કયામ (૨) કુઉદ (૩) સિજદો (૪) રૂકુઅ : તેવીજ રીતે છ પ્રકારના ઝિકર છે. (૧) તિલાવતે કુર્આન શરીફ (૨) તસ્બીહ (૩) તમહીદ (૪) ઈસ્તગફાર (૫) દરૂદ શરીફ (૬) દુઆ/બધી મળીને દસ ચીજો થઈ. અલ્લાહ તઆલા આ દસ ચીજોને ફરિશ્તાઓની દસ સફમાં તકસીમ કરે છે. દરેક સફમાં દસ હજાર ફરિશ્તા છે, હવે વિચાર કરો કે જે નમાઝી બે રકાત પઢે, તેને બે લાખ ફરિશ્તાઓનો સાવાબ પ્રાપ્ત થાય છે. એવી રીતે બીજી જેટલી વધારે નમાઝો પઢશે, તો તે રકાતો મુજબ વધારે સવાબ મેળવી જશે - ઈન્શાઅલ્લાહ.

અલ્લાહ તઆલા પોતાની પવિત્ર વાણી કુર્આને હકીમમાં ઈર્શાદ ફરમાવે છે છે કે-

- 'અને નમાઝ પઢતા રહો અને ઝકાત આપતા રહો અને ઝુકનારાઓ સાથે (નમાઝમાં) ઝુકતા રહો'.
  (સુરા બકરહ : આયત ૪૩)
- 'હે ઈમાન વાળાઓ ! સબ્ર અને નમાઝથી મદદ મેળવ્યા કરો'. (સુરા બકરહ : આયત-૧૫૩)
- 'અને જ્યારે તમે નમાઝ પુરી કરી લો, ત્યારે ઉભા, બેઠા, સુતાં

(દરેક હાલતમાં) અલ્લાહને યાદ કરો.' (સુરા નિસા)

- 'કહી દો કે મારી નમાઝ અને મારી ઈબાદત અને મારૂં જીવવું અને મારૂં મરવું, તે બધું અલ્લાહને માટે છે.'

(સુરા અન્આમ : આ. ૧૬૨)

- 'મારા મોમીન બંદાઓને કહી દે (હે નબી) કે નમાઝ પઢતા રહે અને તે દિવસ આવતા પહેલાં કે, જે દિવસે (આમાલનો) સોદો નહિ થાય અને દોસ્તી કામ ન આવે, અમારા આપેલા માલમાંથી, છુપી રીતે અને જાહેર રીતે, ખર્ચ કરતા રહો'.

(સુરા ઈબ્રાહીમ : આયાત-૩૧)

- 'અને મોટા અવાજથી નમાઝ ન પઢો ત્થા ધીમા અવાજથી પઢો. બલ્કે વચલો રસ્તો અખ્તીયાર કરો.'

(સુરા બની ઈસ્રાઈલ : આયત-૧૧૦)

- 'અને તમારા ઘરવાળાને નમાઝનો હુકમ આપો અને તેની પર કાયમ રહો.' (સુરા તાહા : આયત ૧૩૨)
- 'અને નમાઝ પઢતા રહો અને ઝકાત આપતા રહો અને રસુલે ખુદાના ફરમાન પર ચાલતા રહો જેથી તમારી પર રહેમ કરવામાં આવે.' (સુરા નુર : આયત : ૫૬)

ઉપરાંત, સુરા મુઝમ્મીલ, સુરા અઅલા, સુરા અલ માઉન, સુરા જુમ્અ, સુરા અન્કબુત વિ.માં પણ નમાઝના ઈલાહી હુકમો આવ્યા છે.

સુજ્ઞ વાંચકો ! નમાઝમાં હિંમત કરવી પડે છે એવું નથી. થોડીક મિનિટોની જ ઈબાદત છે. પરંતુ તેનો અજર કેટલો મોટો છે અને નમાઝ નહિં પઢનાર માટે સજાઓ પણ કેટલી મોટી છે, તે

જોઈએ છીએ ત્યારે કાંપી જવાય છે. યા અલ્લાહ-

કર ઈનાયત એક હિમ્મત, સુએ અહમદ સે મુઝે
ઔર લગા રાહે તરીકત, બુએ અહમદ સે મુઝે
કર અતા રાહે શરીઅત, રૂએ અહમદ સે મુઝે
ઔર દીખા નૂરે હકીકત, ખૂએ અહમદ સે મુઝે
કર દે રોશન, નૂરે ઈરફાં સે, ઈલાહી દિલ મેરા

'ઝુબદતુલ વાએઝીન' માં લખ્યું છે કે, કયામતના દિવસે એક જમાઅતના મોઢાં ચાંદ જેવાં ચમકતા હશે અને તેમનાં વાળ સાચાં મોતીઓથી ભરેલા હશે. તે લોકો નૂરના મિમ્બર પર એવી રીતે બેઠા હશે કે લોકો પોતાના હિસાબ કિતબામાં મશ્ગુલ હશે. તે વખતે જન્નતવાળાઓ કહેશે કે તમે કોણ છો ? કોઈ ફરિશ્તા છો કે અંબિયા છો ? તે લોકો જવાબ આપશે અમે ફરિશ્તા નથી અને અંબિયા પણ નથી, પરંતુ અમે મુહમ્મદી ઉમ્મત છીએ. પછી ફરિશ્તા તેમને પુછશે કે લોકોએ આવો (ઉત્તમ) મર્તબો કેવી રીતે મેળવ્યો ? તે લોકો જવાબ આપશે કે, અમે પાંચ વખતની નમાઝ તેના આદાબ અને સુન્નતોની સાથે, જમાત સાથે પઢી. બીજી વાત એ છે કે, જ્યારે નામે મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સાંભળતા ત્યારે, આપના મુહબ્બત અને ઈશ્કના કારણે, અમારી આંખોમાંથી આંસુઓનો તાર બંધાઈ જતો અર્થાત અમારા દિલમાં ઈશ્કે નબી અને ઉલ્ફતે નબી (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)નો જોશ પેદા થતો. પછી અમે ખુલુસ દિલથી દુઆ અને સલાત પઢતા હતા અને દરેક હાલતમાં અલ્લાહનો શુક્ર બજાવી લાવતા હતા.

સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ. આ તેજ લોકો છે, જેમણે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને માથાની આંખોથી જોયા નથી,

પરંતુ દિલની આંખોથી જોયા છે. એ વાત કુદરતી છે કે દરેક અહેસાન કરનારની મુહબ્બતનો જોશ દિલમાં પેદા થઈ જાય છે. આપણા આકા વ મૌલા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ આપણી પર અગણિત અહેસાન કર્યા છે. આપણે ખુદાને ઓળખ્યો, તેના 'અમ્રો-નહિ' અને ખુશી પ્રાપ્ત કરવાના રસ્તા જાણ્યા, ખુદાની બંદગીનો ઉત્તમ તરીકો પણ આપ સરકારે આપણને શીખવ્યો, આપના ઝરીયાથી જ '**લા ઈલાહા ઈલ્લલ્લાહ**'ની પુરી જાણકારી આપણને મળી, આપના તુફેલથીજ ખુદાની મઅરેફત મળી, નિસ્બતે હુબ્બી મળી, મઈય્યતે ઝાતી અને ઉલૂમે બાતિનથી આપેજ આપણને જાણકાર કર્યા, અસરારે કુર્આની અને તાલીમે રૂહાનીનો દરવાજો આપણા દિલો પર ખુલી ગયો. એ પણ મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના તુફૈલથી જ થયું. તો આવા સાચા મોહસીન, સાચા હમદર્દ, સાચા શુભેચ્છકથી મુહબ્બત કરવી અને તેમની દરેક વાત પર સો જાનથી કુરબાન થવું, માનવીની ફીતરતનો તકાઝો હતો. તેથી દરેક મુસલમાન માટે બા-બરકત માર્ગ ખોલવામાં આવ્યા. દરેક મુસલમાન નમાઝની હાલતમાં, હુઝૂરને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે અને આપની ઓલાદ તથા સહાબા માટે "**અસ્સલામો અલયકા અય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ**"નો તોહફો પેશ કરે છે. અલ્લાહ તૌફીક બક્ષે આમીન.

ખાલિકને કયા બનાઈ હય, નૂરે નઝર નમાઝ
અંધેર થા જહાં મેં, ન હોતી અગર નમાઝ
સોએંગે કબ્રમેં વહી, બેખૌફ, જો યહાં
પળહતે હંય નીંદ છોળકે, વક્તે ફજર નમાઝ

●●●

# * ક્યારે મરવું સારૂં ? ક્યારે જીવવું સારૂં ? *

**-જનાબ સૈયદ દાદામિયાં કાદરી (રૂપાલવાલા)**

જગત પર થઈ રેહલા વિનાશી કૌભાંડો અને અતિ શરમજનક અન્યાયી રાજકિય વલણો તેમજ સમાજના દરેક ક્ષેત્રે થઈ રહેલા અત્યાચારોથી માનવી હેરાન હેરાન અને પરેશાન પરેશાન છે. શાંતી અને સુખ માનવ માટે સ્વપ્ન બની ગયા છે. આ પૃથ્વી પર ઘણા પયગમ્બરો, ધર્માચાર્યો, પંડિતો, સંતો, ફીલોસોફરો, ઉપદેશકો અને નેતાઓ થયા. તેઓએ માનવીના કલ્યાણ અર્થે ઘણા પ્રયત્નો કર્યા. મોટા મોટા બલીદાન આપ્યા તેના માટે બે મત નથી. પરન્તુ સમગ્ર વિશ્વને શાંતી બખ્શવા કોઈ ઉત્તમ ઉપાય અગર બતાવ્યો છે તો તે ફક્ત ઈસ્લામના મહાન પયગમ્બર મહાન ત્રિકાળજ્ઞાની સમગ્ર સૃષ્ટિના કાજે દયાના સાગર **હઝરત મોહમ્મદ મુસ્તફા** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ બતાવ્યો છે.

સમગ્ર જગતની સ્થિતિ આજે જેવી છે તેનું ભવિષ્ય ૧૪૦૦ વર્ષ પહેલા મહાન ત્રિકાળજ્ઞાની (સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ) એ બતાવી આપ્યું છે. અને તેનું કારણ પણ દર્શાવ્યું છે. આ દયાજનક સ્થિતિમાંથી બચવા માટે શું કરવું જોઈએ તેનો ઉત્તમ માર્ગ મહાન ઉપકારક રસૂલ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ બતાવી આપ્યો છે. એક હદિષ શરીફનું વાંચન કરીને બુરી બલાથી જગતને બચાવવા જે સુંદર અને સરળ માર્ગદર્શન આપ્યું છે. તેને અમલમાં મુકવાની કોશીષ કરવી રહી.

હઝરત અબુ હુરૈરહ (રદીયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયેહ વ સલ્લમ) એ ફરમાવ્યું કે તમારા

આગેવાનો (નેતાઓ ઉચ્ચ લોકોમાંથી હોય તમારા માલદારો સખી હોય, તમારા અંદર અંદરના પ્રશ્નોનો નિકાલ તમો (પુરૂષો) મળીને કરતા હોવ, તો તમારા માટે જમીનના પેટ કરતાં જમીનની પીઠ સારી છે. અને જો તમારા આગેવાનો (નેતાઓ) નીચ (કૂકર્મી) હોય, તમારા માલદારો (ધનીકો) કંજુસ હોય અને તમારા પ્રશ્નોનો નિકાલ (ઉકેલ) સ્ત્રીઓની સલાહથી થતો હોય તો તમારા માટે જમીનની પીઠ કરતાં જમીનનું પેટ ઉત્તમ છે.

(મીશ્કાત શરીફ સફા ૪૫૯)

આ હદિષ શરીફથી એ જાણવા મળે છે કે જો અમારા આગેવાનો, નેતાઓ પ્રધાનો, લીડરો, કાર્યકર્તાઓ અગર સારા લોકો છે. અને અમારા માલદારોમાં સખાવતનો ગુણ છે અને અમારો સામાજીક કોઈ પણ પ્રશ્ન અમે પુરૂષો મળીને હલ કરતાં હોઈએ તો જમીનના પેટ કરતા પીઠ સારી છે. તો અર્થ એ થાય છે કે જગત પર જીવવું સારૂં છે. અને 'જો અમારા આગેવાનો હાકેમો સારા નથી. અમારા માલદારો સખી નથી. અમારા આપસના પ્રશ્નો સ્ત્રીઓની સલાહથી ઉકેલાતા હોય તો અમારા માટે જમીનની પીઠ કરતાં પેટ સારૂં છે. મતલબ કે જીવવા કરતાં મરવું સારૂં છે.

આ હદિષ શરીફમાં એ સ્પષ્ટ હકિકત આપી દીધી છે કે જગતમાં માનવી જીવવાને લાયક ત્યારે જ બને જ્યારે તેને સુખ-શાંતી મળતી હોય. જો સુખ-શાંતી છીનવાઈ જાય તો જીવવું-દુભર બની જાય છે અહિયા સારા-નરસાનું ભવિષ્ય બતાવી આપ્યું અને બુરાઈથી બચવાનો ઉત્તમ માર્ગ પણ ચિંધ્યો. આજે વિજ્ઞાનના સહારે માનવીએ દેખીતી રીતે ઘણીજ તરક્કી (પ્રગતિ) કરી છે. પણ અફસોસ ! સદ અફસોસ !

કે માનવી માનવ બની શક્તો નથી. તે કેટલી મોટી શરમજનક અધોગતિ કહેવાય ! શાયરે ખૂબ સરસ કહ્યું છે કે.

"સભી કુછ હો રહા હૈ , ઈસ તરક્કી કે ઝમાને મેં,
મગર યે ક્યા ગઝબ હૈ : આદમી ઈન્સાં નહિં હોતા."

વિશ્વના તમામ વિચારકો અને વિદ્વાનો એક મતે કહી રહ્યા છે કે અગર જગત પર શાંતીનું સામ્રાજ્ય સ્થાપવું હોય તો પયગમ્બરે ઈસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ના બતાવેલા માર્ગને અપનાવ્યા સિવાય કોઈ ઉપાય નથી.

આજની પરિસ્થિતિ સુધારવી હોય તો નેતા એને જ બનાવવો જોઈએ જે ખાનદાન હોય. અમારા માલદારોએ સખાવતનો દરિયો વહાવી દેવો જોઈએ અને આંતરિક બાબતોમાં સ્ત્રીઓની સલાહ ન લેવી જોઈએ અને તેમાંજ ભલાઈ રહેલી છે . અલ્લાહ રબ્બુલ ઈજ્જત અમો સૌને હુઝૂર પુરનુર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ના આદેશ પર અનુસરવાની તૌફીક અતા કરે. આમીન.

## ઈખ્લાસ ભરી બંદગી : રોઝા

*પ્યારા ઈમાની રીશ્તેદારો ! અસ્સલામો અલયકુમ*

બારગાહે ખુદાવંદીમાં એજ ઈબાદત (બંદગી)કબુલ થવાને પાત્ર હોય છે જેમાં ઈખ્લાસ (નિઃસ્વાર્થ ભાવના) હોય. જેમાં રીયાકારી એટલે દેખાવ, આડંબર કે દંભ હોય તે બંદગી (ઈબાદત) અલ્લાહ તઆલાને હરગીઝ પસંદ નથી. અલ્લાહના પ્યારા રસુલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમએ ફરમાવ્યું કે હશ્રના મેદાનમાં એક સખી, એક કારી અને એક શહીદને ખુદા તઆલા સમક્ષ રજુ કરવામાં આવશે અલ્લાહ જલ્લે શાનહુ પહેલા સખીને પુછશે કે તુ સખાવત (દાન) શા

માટે કરતો હતો તે જવાબ આપશે કે મે સખાવત (દાન) ખયરાત એટલા માટે કરી કે દુનિયામાં મારી સખાવતની તારીફ (વખાણ) થાય. લોકો મને દાની (સખી) ગણે. પછી કારીને ખુદા પાક સામે રજુ કરાશે, તેને રબતઆલા પુછશે, તમે કારી શા માટે બન્યા ? તો કારી કહેશે કે મારી કીરાઅતની દુનિયામાં ચર્ચા થાય મારી લોકો સારા કારી તરીકે વખાણ કરે, ત્યારબાદ શહીદને રબ્બુલ આલમીનની સમક્ષ રજુ કરાશે તેને પુછવામાં આવશે કે તુ શહીદ શા માટે થયો. તો તે કહેશે કે મારી શહાદતના ગુણગાન થાય મારી. બહાદુરીની લોકો પ્રશંસા કરે તે માટે હું શહીદ થયો છું અલ્લાહ તબારક વ તઆલા ફરિશ્તાઓને હુકમ ફરમાવશે કે આ ત્રણેને જહન્નમ (દોઝખ) માં દાખલ કરો. તેઓના અમલો તેમના ખુદના માટે હતા આ ત્રણે જણાએ મારે માટે કે મારી ખુશી માટે કંઈ કર્યુ નથી. તેમની કરણીનો બદલો તેમણે નિય્યત મુજબ દુનિયામાં મેળવી લીધો છે. હવે આખેરતમાં તેમનો કોઈ હિસ્સો નથી. અને એ ત્રણે જણાને જહન્નમમાં જવું પડશે.

ભાઈઓ ! જરા વિચાર કરો કે જે નેકીના કામમાં લિલ્લાહીયત (ફક્ત અલ્લાહને જ રાજી કરવાનું કામ) ના હોય તે કામ નેકી રૂપ હોવા છતાં તેનો કોઈ બદલો આખેરતમાં મળતો નથી. નામના કરવા માટે મોટા દેખાવા માટે, આડંબર કે દંભનો આશરો લઈને કરેલી નેકી આખેરતમાં બેફાયદા બને છે. એટલે સાબીત એ થાય છે કે નેકી (ભલા કામ) પાછળ નિય્યતમાં ઈખ્લાસ લિલ્લાહીયત હોવી જરૂરી છે.

રોઝા એક છુપી (ખુફીયા) બંદગી છે. કારણ કે જ્યાં સુધી રોઝદાર પોતે રોઝાથી છે તેવું જાહેર ના કરે ત્યાં સુધી કોઈને પણ ખ્યાલ નથી આવતો કે કોણે રોઝો રાખ્યો છે ? રોઝાથી માણસમાં ખુફીયા ઈબાદત (નેકી)ના કામોની ટેવ પડે છે. અને આવી છુપી

બંદગી અલ્લાહ ને ખુબ પસંદ છે. એટલે જ તો અલ્લાહ તઆલા એ ફરમાવ્યું કે રોઝા મારા માટે છે અને તેનો બદલો હું જ છું. રોઝદારના મુંહની મહક અલ્લાહને ખુબ પસંદ છે. રોઝાની તારીફ જેટલી કરીએ તેટલી ઓછી છે. રોઝદાર ખુદાને ખુશ કરવા રોઝાની હાલતમાં તમામ ચીઝો ત્યાગ કરી ખુદા તઆલાની રઝામંદી મેળવી લે છે. રોઝામાં ઈખ્લાસ ભરેલો છે રોઝદારે પણ પોતે રોઝદાર છે. તેવો ઢંઢોરો ના પીટવો જોઈએ. નેકીના દરેક કામમાં જો ઈખ્લાસ પૈદા થાય તો ઈન્શાઅલ્લાહ હર નેકી બારગાહે ખુદાવંદીમાં મકબુલ બને તેમાં કોઈ શંકા નથી. શર્ત એટલી છે કે આપણા અમલોમાં લિલ્લાહીયત-ઈખ્લાસ ભરી દઈએ. દેખાવ, શો, આંડબર અને દંભથી દુર રહી ફક્ત અલ્લાહને બતાવવા માટે જ કરેલી નેકી કરવા કમર કસીએ.

દેખાવ અને નામના મેળવવા માટે કરેલો અમલ હદીસે પાકમાં "શિર્કે અસગર" તરીકે ઓળખાય છે. જુઓ હદીસે પાકમાં મહમુદબીન અબીદ (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમએ ફરમાવ્યું કે મને તમારા વિષે વધુ ખતરો (બીક) **શિર્કે અસગરનો** છે.

કેટલાક સહાબા એ વિનંતી કરી કે હે અલ્લાહના રસુલ **શિર્કે અસગરનો** શું અર્થ થાય છે ? તો જવાબમાં આપે ફરમાવ્યું કે "રિયા" (એટલે કોઈ નેક કામ જે લોકોના દેખાવ માટે કરવો.)

મુસનદે અહમદ, મઆરે ફુલ હદીસ

શદાદ બીન અવસ (રદીયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે મે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું કે "જેણે દેખાવ કરવા માટે નમાઝ પઢી તો તેણે શિર્ક કર્યો, જેણે દેખાવ કરવા નામ કમાવા સદકો કે ખયરાત કરી તો તેણે શિર્ક કર્યું"

મુસનદે અહમદ, મઆરે ફુલ હદીસ

પ્યારા ઈમાની રીશ્તેદારો ! ઈબાદત-બંદગી તો એવી જ હોવી જોઈએ જે અલ્લાહ અને તેના રસુલને પસંદ પડે. રમઝાનુલ મુબારક એટલે બંદગીની ખાસ વિશેષ મૌસમ. તેમાં હર નેકીનો બદલો ૭૦ ગણો છે, આવો આપણે પણ રિયાકારી (દંભ)ને છોડી લિલ્લાહીયત વાળી નમાઝ-રોઝા-સખાવત અને અન્ય ઈબાદત કરવાની કોશિશ કરી શિર્કે અસગરના ગુનાહથી બચવા પુરેપુરી કોશીશ કરીએ. અલ્લાહ તઆલા મને, આપને, સૌને અમલની તૌફીક અતા કરે. આમીન.

અઝ : પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી
(રૂપાલવાલા)

---

# આખેરતની ફિક્ર

**-સૈયદ દાદામિયાં કાદરી (રૂપાલવાલા)**

બાદશાહે બલ્ખ હઝરત ખ્વાજા ઈબ્રાહીમ અદહમ (રહેમતુલ્લાહ અલયહ)ને કોઈએ કીધું કે હજરત ! આપ લોકોને નશીહતની વાતો કહો જેથી લોકોની ઈસ્લાહ થાય.

જવાબમાં હઝરતે ફરમાવ્યું કે મારે ચાર કામ એવા આવી પડેલ છે કે તેમાંથી જો નવરાશ મળે તો હું આ કામ કરી શકું તેમ છું.

(૧) જ્યારે યૌમે મિસાકના દિવસે અહદ લેવામાં આવ્યો ત્યારે હક તઆલાએ એક જમાઅતને જન્નતી ફરમાવ્યું અને બીજીને દોઝખી કહ્યું હું એ ફિક્રમાં રહું છું કે હું કઈ જમાઅતમાં છુ. જો આ કામમાંથી નવરાશ મળે તો બીજુ કામ થાય.

(૨) જ્યારે બાળકની માંના પેટમાં શરૂઆત થાય છે ત્યારે એક ફરિશ્તો તેના પર મુકર્રર હોય છે. તે ફરિશ્તો હકતઆલાને પુછે છે કે આ બાળકને નેક લોકોમાં લખું કે બદ (બુરા) લોકોમાં લખું. મને

એ વાતની હમેશાં ચિંતા રહ્યા કરે છે કે મારું નામ ક્યા ગૃપમાં લખવામાં આવ્યું છે. આ વાતથી ફારેગ થાવું પછી બીજુ કામ કરી શકું.

(૩) જ્યારે રૂહ ખેંચનાર ફરિશ્તો બંદાની રૂહ ખેંચી લે છે તે પછી હક તઆલાથી પુછે છે કે આ રૂહને મુસલમાનોની રૂહ સાથે રાખું કે કાફીરોની રૂહ સાથે રાખું. મને એજ ફિકર છે કે મારી રૂહ કોની સાથે રાખવામાં આવશે એ નક્કી થઈ જાય પછી હું બીજું કામ કરી શકું.

(૪) જ્યારે કયામતના દીવસે અલ્લાહતઆલા હુકમ ફરમાવશે કે મુજરીમો અને ફરમાંબરદારોને જુદા પાડી દો તો મને એજ ચિંતા રહ્યા કરે છે કે મારી ગણતરી કેવા લોકોમાં કરવામાં આવશે. આ ચારે ચિંતા (ફિકર) માંથી મને અમન (શાંતિ) થઈ જાય પછીજ મને ઈતમેનાનથી બીજા કામ કરવાનું મન થાય.

જુઓ આપણા બુઝુર્ગોની કેવી હાલત હતી ફિકે આખેરત કેટલા દરજ્જાની હદે હતી. અમને તો દુનિયાની મોહ માયાએ એવા જકડી લીધા છે કે અમો દુનિયાને જ ઝિંદગીનું મુળભૂત હેતુ સમજીને આખેરતને બરબાદ કરીએ છીએ અલ્લાહ પાક અમો સૌને ફિકે આખેરત કરવાની નેક તૌફીક અતા કરે. આમીન.

---

## રહેમતની ઋતુ : રમઝાન

**કેહતે હૈં લોગ ઈસ્કો રમઝાન કા મહીના**

**હૈં અસ્સલમેં નુઝુલે કુર્આન કા મહીના**

રમઝાન શબ્દ "રમ્ઝ" થી બન્યો છે. રમ્ઝનો અર્થ બળવું એવો થાય છે. અહીંયા રમઝાનમાં ગુનાહોનું બળવું અર્થ લેવાશે

બીજું રોઝદાર રોઝાની હાલતમાં ભુખ્યો રહે છે. ભુખ પણ નફસને બાળે છે. અને તરસની પણ ગરમી હોય છે. રોઝદાર તરસની આગને બરદાશ્ત કરીને નફસને બાળે છે. રમઝાનની ફઝીલત બહુ મોટી છે. સૌથી વિશેષ શાન તો એની એ છે કે અલ્લાહનો કલામ એટલે કુર્આનમજીદ આ મુબારક મહીનમાં નાઝીલ થયું છે. અલ્લાહ તઆલા ફરમાવે છે **"શહરો રમદાનલ્લઝી ઉન્ઝેલા ફી હીલ કુર્આન"** અર્થાત રમઝાન તે મહીનો છે. જેમાં કુર્આન ઉતર્યુ. એ રમઝાનની એક ખાસ વિશિષ્ટતા છે. કુર્આનમાં ફક્ત રમઝાનનું નામ સ્પષ્ટ આવ્યું. બીજા કોઈ મહીનાનું નામ કુર્આનમાં આવ્યું નથી. રમઝાનમાં જન્નત શણગારવામાં આવે છે. જન્નતના દરવાજા ખુલ્લા કરી દેવાય છે. દોઝખના દરવાજા બંધ કરી દેવાય છે. શયતાનને સાંકળોથી જકડી લેવામાં આવે છે. એક નેકીનો બદલો સીત્તેર ગણો આપવાં આવે છે.

## બેન્ક ઓફ આ'માલ

અલ્લાહ તઆલાના દરબારની શાનનું શું કહેવું ? દુનિયાની બેન્કમાં માણસ ફીક્સડ ડોપોઝીટ યોજનામાં નાણા મુકે તો પાંચ કે સાત વર્ષે બમણાં થાય આ વાત બેન્ક ઓફ માલની છે. જ્યારે ખુદાની બેન્ક કે જેમાં માણસના આમાલ નોંધાય છે. તે બેન્ક ઓફ આમાલની એવી સ્કીમ છે કે આમ એક નેકી કરો તો આપના આમાલનામામાં તરત જ દશ ગણો બદલો નોંધાય છે. જ્યારે રમઝાન શરીફની તો વાત જ નિરાલી છે. આ મુબારક મહીનામાં નેકીનો બદલો તરત જ સીત્તેર ગણો મળે છે. સુબ્હાનઅલ્લાહ ! આનું નામ બેન્ક ઓફ આમાલ.

અલ્લાહ તઆલાનો અહેસાન માનો કે તેણે તેના ફઝલો કરમથી આપણને રમઝાનુલ મુબારક જેવો અતિ પવિત્ર અને બરકત વંતો મહીનો અર્પણ કર્યો. આ મુબારક માસમાં કેટલાય દુરાચારી લોકો

ઈબાદત તૌબા અસ્તગફાર કરીને નેક પારસા બની જશે. કેટલાક વિરાન દિલ અલ્લાહની યાદથી આબાદ બની જશે. કેટલાય ગુમરાહ લોકો સીરાતે મુસ્તકીમ પર આવી જશે. ગુનાહોથી બચીને લોકો નેકીઓની તરફ વળી જાય એવી મોસમ એટલે મોસમે રહેમત. રહેમતની ૠતુ એટલે રમઝાની બહાર. બેશક રમઝાન ઈબાદતોની બહાર એટલે વસંત છે. રહમતો અને બરકતો કમાઈ લેવાની ઉજળી સીઝન છે. આબીદોની ઈદ અને નેક લોકો માટે મૌસમે રહેમત છે. અલ્લાહની યાદથી વિરાન દિલ આબાદ બને છે. અને રમઝાનમાં યાદે ખુદાની લિઝ્ઝત કંઈ ઓર હોય છે. એટલે જ તો કહ્યું છે કે

"યાદ હૈ તો આબાદ હૈ
ભુલ ગયા તો બરબાદ હૈ".

## ગેરંટેડ વિમો

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે જે માલદાર-મુસલમાન પુરી ગણત્રી કરી વ્યવસ્થિત રીતે ઝકાત આપતો નથી. તે વર્ષે ધંધામાં ખોટ, ખોટા ખર્ચા, બિમારી, ચોરી, માલનું વેડફાઈ જવું, પ્રાણીઓનું ખોવાઈ જવું કે મરી જવું, ધંધામાંથી બરકતનું ઉડી જવું વિગેરે કારણોથી મફત નુકશાન અને નુકશાન જ ભોગવે છે. આ બધી તકલીફોમાંથી ઉગરવું હોય તો જાણકાર આલીમે દીન પાસે ઝકાતનાં વિષેની પુરી માહીતી મેળવીને ઝકાતનાં હક્કદારોને પૂરેપૂરી ઝકાત આપી દેવાથી વર્ષભર પોતાના ધંધામાં સંપૂર્ણ બરકત અને સલામતી રહે છે. યાદ રાખો ૨॥ % જકાત બાકીનાં ૯૭॥% ની રકમની સંપૂર્ણ સલામતી છે. ગેરંટેડ વિમો છે.

અલ્લાહ તબારક વ તઆલા અમો સૌને તેના પ્યારા હબીબ

સલ્લલ્લાહો અલયહી વસલ્લમનાં સદકા અને તુફૈલમાં અમલની તૌફીક અતા કરે.

અઝ : પીર દાદામિયાં એસ. કાદરી (રૂપાલવાલા)

## 'સુલતાન' માંથી 'શયખ'

**અઝ : જનાબ સૈયદ દાદામિયાં કાદરી (રૂપાલવાલા)**

હઝરત શયખ હમીદુદ્દીન અબુ હાકેમ કુરેશી મકરાનના સુલતાન અર્થાત બાદશાહ હતા. સતત ૨૫ વર્ષ સુધી ઠાઠમાઠથી રાજ કારભાર ચલાવતા રહ્યા. તેમના જીવનમાં એક અલૌકિક પ્રસંગ આવ્યો અને તે પ્રસંગે તેમના જીવનમાં મહાન પલટો આણ્યો. તેઓ સુલતાનમાંથી શયખ (પીર) બની ગયા.

હ. શયખ હમીદુદ્દીન પોતાની હુકુમતના સમયમાં બપોરે આરામ માટે એક બાગમાં જતાં. જ્યાં તેમણે એક આલીશાન મહેલ બનાવ્યો હતો. આ મહેલની દેખરેખ માટે અને સાફ સફાઈનું કામ તેમની એક સેવિકા નામે નવનીયતને અર્પણ કર્યું હતું અને દરરોજ બાદશાહ હમીદુદ્દીન માટે તે બીસ્તર (પથારી) પાથરતી. એક દિવસ તેણે શયખ હમીદુદ્દીન માટે બિસ્તર તૈયાર કર્યું, બીસ્તર ખુબ સુંદર અને નરમ હતું. તેને તે બીસ્તર પર સુવાની ઈચ્છા થઈ તે થોડીકવાર માટે બીસ્તર પર સુઈ ગઈ, સુતાની સાથે આ નરમ સેજ પર તે મીઠી ઉંઘમાં ગરકાવ થઈ ગઈ, નિત્ય ક્રમ મુજબ શયખ આરામ કરવા માટે આ મહેલમાં આવી પહોંચ્યા. પોતાના બીસ્તર પર પોતાની સેવિકાને સુતેલી જોઈ તેમને તેના આ અપમાનજનક કૃત્ય પર ઘણોજ ક્રોધ ચઢ્યો અને તે સેવિકાને એકસો (૧૦૦) કોરડા (ચાબુક) મારવાનો હુકમ કર્યો.

હુકમનો તરત જ અમલ થયો, સેવિકાને સાટકા પર સાટકા પડી રહ્યા છે, પણ શયખ હમીદુદ્દીન કુરૈશી આશ્ચર્ય સાથે જોઈ રહ્યા છે કે આ સેવિકા કોઈ પણ જાતની બૂમ બરાડ પાડતી નથી કે કોઈ આહ કે ચીસના બદલે જેમ જેમ તેને સાટકા મારવામાં આવે છે તેમ તેમ તે હસે છે. આ નવાઈ ભર્યા વર્તાવથી શયખ ખાદીમા (સેવિકા)ને પૂછે કે તું રોવાને બદલે હસે છે કેમ ?

જવાબમાં સેવિકા કહે છે કે, "આ નરમ બીસ્તર પર થોડીક ક્ષણો સુવાની મને આટલી સજા મળી તો જેઓ દરરોજ આ બીસ્તર પર સુઈ રહે છે તેમને કેટલી સજા મળશે."

સેવિકાના આ જવાબની સુલતાન હમીદુદ્દીન કુરૈશીના દિલ પર એટલી બધી અસર થઈ કે, તેમણે તરત જ રાજપાટનો ત્યાગ કરી ફકીરી ધારણ કરી લીધી. સુલતાન (બાદશાહ) માંથી શયખ (પીર) બની ગયા.

માનવીનું દિલ ઝિંદા હોય તો તેના માટે એક વાક્ય પરિવર્તન લાવે છે. અને દિલ મુર્દા હોય તો હજારો તકરીરો નકામી સાબિત થાય.

## હજ : આંતરરાષ્ટ્રીય સંમેલન

ઈસ્લામ ધર્મના મૂળભૂત પાંચ સિદ્ધાંતોમાં ઉંડાણથી જોઈએ તો તેના અસલ હેતુમાં એકતા, ભાઈચારો, હમદર્દી સમાયેલા નજરે પડે છે. કલમો એક ખુદાની બંદગીનો આદેશ આપે છે. નમાઝ પાંચે ટાઈમ સમુહ (જમાઅત) સાથે નમાઝ (બંદગી) કરવાનો ખુલ્લો સબક છે. ઝકાતમાં નીચલા સ્તરના લોકોને ઉપર લાવી સરખા કરવાની ભાવના રહેલી છે. હજ્જ એક એવી ઉચ્ચ ઈબાદત છે. જે દુનિયાભરના તમામ મુસમલમાનોને એકજ દિવસે એક સાથે પોતાના રબ સમક્ષ

હાજર થવા પાછળ અગર કોઈ આશય હો તો એજ છે કે એક સાથે એક સ્થળે એક જ સમયે જુદી જુદી ભાષાના જુદા જુદા રંગના જુદા જુદા મુલ્કના એક કલ્મો પઢનારા પરસ્પર મળે છે એટલે હજ્જ એક આંતરરાષ્ટ્રિય સંમેલન લાગે છે.

કોઈપણ જાતના ભેદભાવ વિના એક કલ્માગો બીજા કલ્માગો સાથે ભાતૃભાવથી મળે છે. ત્યારે તેને જે અલૌકીક આનંદ થાય છે તેનું વર્ણન શબ્દોમાં કેમ કરી શકાય ! હજ્જનો બીજો લાભ એ છે કે દુનિયાની ભૌગોલિક જાણકારી વધારવામાં અને વિકસાવવામાં હજ્જની મુસાફરી દરેક હાજીને લાભદાયી બને છે.

આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં સામાન્ય મુસલમાન કષ્ટો વહોરી અહીં ભેગા થાય છે. એકબીજાને મળે છે એક બીજાના દુઃખ-દર્દ જાણે છે. જેના લીધે એમની અંદર પરસ્પર એકતા અને સહકારની ભાવના પૈદા થાય છે. આ જ વહેદત એકતાનો રંગ દરેક ભૌતિક મતભેદોને મીટાવી દે છે એટલે વિશ્વમાં અગર શાંતી અને એકતા સમાનતા સહકાર અને હમદર્દીની ઝલક જોવી હોય તો હજ્જના મુબારક મૌકા સિવાય ક્યાંય જોવા નહીં મળે. અને આ તો અપાર ઉપકાર તે ખુદાપાકનો છે જેણે તેના પ્યારા હબીબ અમારા આકા અને મૌલા હુઝુર મદની તાજદાર મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પાક શરીઅત (નીઝામે મુસ્તફા) દ્વારા અમોને અતા કરી છે. આ આંતરરાષ્ટ્રીય સંમેલન (હજ્જ) અમને એક અનેક બનાવવાનો આદેશ આપે છે. જાતી રંગ અને ભાષાના મતભેદો મીટાવી સમાજમાં શાંતી કાયમ કરવી હોય તો નિઝામે મુસ્તફાના દામનને મજબુત પકડ્યા સિવાય કોઈ માર્ગ નથી અલ્લાહ તઆલા હજ્જના હાર્દને સમજવાની તૌફીક આપે આમીન હક્કે તાહા વ યાસીન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.

અઝ : પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી (રૂપાલવાલા)

# જીભ છે, પણ બોલાતું નથી....

- સૈયદ દાદામિયાં કાદરી (રૂપાલવાલા)

અબ્બાસી ખલીફા મામુન રશીદ પોતાના રાજકિય હરિફો માટે ખૂબજ ઝુલ્મી પણ રૈયત માટે ઘણો જ રહેમદિલ અને ન્યાયી ગણાતો હતો. એક દિવસ તેના દરબારમાં એક વૃદ્ધા પ્રવેશ કરે છે અને રાજા મામુન સમક્ષ ફરિયાદ કરી કે, હું એક ગરીબ ઔરત છું. મારી પાસે થોડીક જમીન હતી જે એક ઝાલિમે મારી કનેથી ઝૂંટવી લીધી છે. મેં ઘણી વિનવણી કરી છતાં તેણે મારી એક પણ ન સાંભળી. મામુને પૂછયું તે કોણ છે ? વૃદ્ધાએ જવાબ આપ્યો, તે માણસ જે હાલમાં આપની સાનિધ્યમાં બિરાજમાન છે. મામુને જોયું તો તે પોતાનો શહજાદો અબ્બાસ પોતે હતો. મામુને વઝીરને હુકમ કર્યો કે તમે આ શાહજાદાને પકડીને પેલી ગરીબ બાઈની પાસે ઉભો કરી દો. વઝીરે એમ કર્યું. મામુને ફરમાવ્યું હવે તમે બન્ને પોત પોતાની રજુઆત કરો.

શાહજાદા અબ્બાસ બોલતા બોલતા થરથરતો હતો. તેની જીભના લોચા વળતા હતા. તેની રજુઆતમાં રૂકાવટો પૈદા થતી હતી તેના અવાજની ગતિ મંદ પડતી જતી હતી. જ્યારે પેલી વૃદ્ધા ખુબ જ ઉચાં અવાજથી નિર્ભય બનીને કોઈ પણ જાતની રૂકાવટ વગર પોતાની ફરિયાદ રજુ કરી રહી હતી. તેના અવાજમાં સત્યનો બુલંદ સૂર જોર પકડી રહ્યો હતો. તેના ચહેરાની આકૃતિ પર નિર્દોષતાની નિશાનીઓ તરવરતી હતી જ્યારે શાહજાદાનો ચહેરો ગુનેહગારની જેમ ફીકકો અને દોષિત નજરે પડતો હતો. વૃદ્ધાનો દાવો સાચો ઠર્યો. પરિણામમાં શાહજાદા પાસેથી ખલીફાએ વૃદ્ધાને જમીન પાછી સુપ્રત કરાવી અને જુઠો ગુનેહગાર શાહજાદો જીભ હોવા છતાં બોબડો બની ગયો.

સત્યમાં એક શક્તિ છૂપાયેલી છે. સત્યવાદી માણસ નિડર અને નિર્ભય હોય છે. કોઈપણ શક્તિ કે દમામ તેને રોકી શકતી નથી જ્યારે જુઠ એ તો જુઠ છે. ફરેબનો પરદો ખુલ્લો થઈ જતાં માણસ વિવશ અને આજીઝ બની જાય છે. તેનું જાુઠ તે ન બોલે તો પણ તેના ચહેરા પર સ્પષ્ટ અંકિત થતું હોય છે. એક સત્યને છુપાવવા હજાર અસત્યનો આશરો લેનાર સત્યની સામે જીભ હોવા છત્તાં અબોલ બની જાય છે.

ઈદે કુર્બાં યે પયગામ સુનાતી હૈ હમે
યે ફના કુછ ભી નહીં, ઐસી બકા કુછ ભી નહીં
હો ગયા અઝમે ઈબ્રાહીમ સે સાબિત હમ પર
ઝિંદગી મરજીયે મૌલા કે સિવા કુછ ભી નહીં.

## ● ઈદે કુર બાં : ત્યાગનો પર્વ ●

અય મુસલમાં સુન યે નુકતા દર્સે કુર્આની મેં હય
અઝમતે ઈસ્લામ વ મુસ્લિમ સિર્ફ કુરબાની મે હય.

પ્યારા દીની ભાઈઓ.... અસ્સલામો અલયકુમ

મુસ્લિમ અને તેના પ્યારા મઝહબ ઈસ્લામની ઈમારત કુરબાની-ત્યાગ-ભોગ-બલિદાનની ઉચ્ચ ભાવનાના પવિત્ર પાયા ઉપર ઉભેલી છે. ઈસ્લામના દરેક અહેકામની પાછળ ત્યાગનો ઉદ્દેશ સમાયેલો જોવા મળે છે. (૧) કલ્માએ તૈયબ એક ખુદા સિવાય બીજા કોઈને પણ માબુદ તરીકે નહીં માનવાનો દઢ નિર્ણય કરાવીને ખુદા સિવાયની તમામ ચીજોને છોડવાની હાકલ છે. (૨) નમાઝ વકતની પાબંદી સાથે અદા કરવામાં આવતી ઉચ્ચ ઈબાદતમાં માનવી કીંમતી સમયનો ત્યાગ કરે છે. (૩) રોઝાની હાલતમાં અલ્લાહને રાઝી રાખવા પોતાની

નેક કમાઈનું ખાણું તૈયાર હોવા છતાં બંદો ખુદાને ખુશ કરવા અન્ન-પાણી અને નફસાની ઈચ્છાઓનો ત્યાગ કરે છે. (૪) હજ્જ એ ખુદાની પ્રસંન્નતા મેળવવા શક્તિ ધરાવતો બંદો ઘર-બાર છોડીને, કારોબાર છોડીને, બીબી બચ્ચાં છોડીને, વ્હાલા વતનને છોડીને, સફરની મુશ્કેલીઓ હંસતા મોંએ સહન કરે છે. મુસાફરી ખર્ચ માટે નાણાની કુરબાની આપે છે. એટલે સમય, પૈસો અને લાગણીઓનો ત્યાગ હજ્જના અહેકામમાં સંમ્મિલીત છે. (૫) ઝકાત એ તો સ્પષ્ટ કુરબાની છે. અલ્લાહનો દરેક સાહેબે માલ બંદો ૧૦૦ રૂપિયામાંથી ૨ાા રૂપિયા ખુદાના માર્ગમાં ખર્ચી નાખે છે અને તેને પોતાની પ્રથમ ફર્ઝ સમજે છે. નાણાંની મહોબ્બત કરતાં ખુદાની મહોબ્બત વિશેષ હોય છે તેનો સ્પષ્ટ ખુલાસો ઝકાતની અદાયગીથી થાય છે. અને તેમાં પણ ત્યાગની ઉન્નત ભાવના જ કામ કરતી નજરે પડે છે.

સારાંશ કે દરેક અહેકામ બંદાને ખુદા તઆલાની રઝામંદી (પ્રસન્નતા) મેળવવા તન મન ધનની કુરબાની આપવાની ટેવ પાડે છે.

મહોબ્બતનો બીજો અર્થ કુરબાની જ થાય છે. ખુદા તેના પ્યારા મહેબુબ બંદાઓથી મહોબ્બત કરે છે, ત્યારે તેના બંદાઓ ઉપર તેના અગણિત ઉપકાર-અહેસાન થતા હોય છે. બંદાઓ પણ અલ્લાહથી મહોબ્બત રાખવા માટે તેના કાજે કોઈપણ કુરબાની આપવા પીછે હટ કરતા નથી. અને સાચી મહોબ્બતનો પુરાવો રજૂ કરે છે. માણસ વચ્ચે મહોબ્બત ત્યારે જ ટકે છે જ્યારે એક માણસ બીજા માટે કંઈક બલિદાન આપે, ત્યાગ કરે તો જ મહોબ્બત બાકી રહે છે નહીંતર તેમાં કમી પૈદા થાય છે.

અલ્લાહના સાચા દોસ્તો પણ તેની મહોબ્બતનો દમ ફકત

જબાનથી કરતા નથી પણ પોતાના અમલથી જ સાબિત કરી આપે છે. ખુદાની મહોબ્બત માલથી, ઔલાદથી અને પોતાના જાનથી વધુ પ્યારી હોય છે.

અલ્લાહ માટે કુરબાનીઓ આપનારા ઘણા નેક બંદા થયા. પણ સૌથી શ્રેષ્ઠ અને ઉચ્ચ કુરબાની આસ્માનના નીચે ધરતીના ઉપર અગર થઈ હોય તો એક બાપના હાથે પોતાના સગા બેટાની કુરબાની રહેતી દુનિયામાટે અજોડ મિસાલ બની ગઈ. અને તે મહાન કુરબાની એટલે અલ્લાહના ખલીલ હઝરત સૈયદના ઈબ્રાહીમ અલયહિસ્સલામે પોતાના લાડકવાયા ફરઝંદ હઝરત ઈસ્માઈલ અલૈહિસ્સલામની આપેલી માનવ કુરબાની હતી. જે અજોડ છે. અનુપમ છે. બે મિસાલ છે દર ઝીલહજ્જની ૧૦ તારીખે આ મહાન પર્વ ત્યાગની ભાવના જગાડે છે જે ઈસ્લામ અને મુસ્લિમની અઝમતનો આધાર સ્થંભ છે.

**કી આપને હાથ સે રાહે હકમેં બેટે કી કુરબાની**
**નહીં કોઈ ભી દુનિયામેં ખલીલુલ્લાહ કા સાની**

અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સદકામાં અમો સૌને રાહે હકમાં તન, મન અને ધન કુરબાન કરવાની તૌફીક અતા કરે. આમીન

*-અઝ પીર સૈયદ દાદામીયાં એસ. કાદરી. (રૂપાલ)*

## ❋ મને આથી વધુ કિંમત મળે છે ! ❋

રજુકર્તા : જનાબ સૈયદ દાદામીયાં એસ. કાદરી સાહબ (રૂપાલવાલા)

હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસ (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, હઝરત અમીરૂલ મોમેનીન સૈયદના સિદ્દિકે અકબર (રદિયલ્લાહો અન્હો)ના ખિલાફત કાળમાં દૂકાળ પડ્યો... લોકો

મુશ્કેલીમાં મુકાઈ ગયાં. અમીરૂલ મોમેનીને ફરમાવ્યું : "લોકો ! ગભરાશો નહિ, અલ્લાહ તઆલા તમારા માટે રાહતનો માર્ગ મોકળો કરશે." બીજી બાજુ હઝરત સૈયદના ઉસ્માન ગની (રદીયલ્લાહો અન્હો)નો વેપારી કાફલો શામ (સિરીયા) તરફથી એક હજાર ઉંટ અનાજ ખરીદીને મદીના શરીફ આવી ગયો હતો આ વાતની ખબર શહેરના વેપારીઓના કાને પહોંચી.

મદીના શરીફનું વેપારી મંડળ હઝરત ઉસ્માન ગની (રદીયલ્લાહો અન્હો)ના દર પર પહોંચી ગયું. દરવાજો ખટખટાવ્યો... અંદરથી જવાબ મળ્યો શા માટે આવ્યા છો ? અને મારા પાસેથી શું ઈચ્છા રાખો છો ? વેપારીઓએ કહ્યું કે, અમને એ વાતની જાણ મળી છે કે આપની પાસે એક હજાર ઉંટ અનાજ આવ્યાં છે. અમે તેને ખરીદવા માંગીએ છીએ જેથી મદીના શરીફના જરૂરતમંદોને તે અનાજ અમે પહોંચતું કરીએ. હઝરતે કહ્યું અંદર આવો અને બેસીને વાત કરો. વેપારી ઘરમાં દાખલ થયાં. તો અનાજની ગુણોનો ઢેર લાગેલો હતો.

વાતચીત શરૂ થઈ, હઝરત ઉસ્માન ગની (રદીયલ્લાહો અન્હો)એ ફરમાવ્યું : હું જે ભાવથી ખરીદી લાવ્યો છું. તેના પર મને કેટલો નફો આપશો. વેપારીઓએ કહ્યું કે, દશ દિરહમ પર બાર દિરહમ આપીશું. હઝરતે કહ્યું- મને એથી વધુ નફો મળે છે. તો વેપારીઓએ કહ્યું કે દશ દિરહમ પર ચૌદ દિરહમ આપીશું તો પણ હઝરતે ફમાવ્યું - મને એથી પણ વધુ નફો મળે છે. ત્યારે વેપારીઓએ કહ્યું કે, સારૂં તો દશ દિરહમ પર પંદર દિરહમ આપીશું. ત્યારે હઝરતે ફરમાવ્યું - ના, મને તો આથી પણ વધુ નફો મળે છે.

ત્યારે વેપારીઓએ કહ્યું કે, તમને આથી વધુ કિંમત (નફો)

કોણ આપે છે. જ્યારે મદીનાના તમામ વેપારીઓ તો આહિંયા હાજર છે. તો પછી આથી વધુ કિંમત આપનાર કોણ છે ? હઝરત સૈયદના ઉસ્માનગની (રદિયલ્લાહો અન્હો)એ ફરમાવ્યું કે, મને દરેક દિરહમ પર દશ દિરહમ મળી રહ્યાં છે શું તમે આથી વધુ દિરહમ આપી શકો તેમ છો ? વેપારીઓએ કહ્યું નહિં.

હઝરત ઉસ્માન ગની (રદિયલ્લાહો અન્હો)એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા પોતાની કિતાબમાં ફરમાવે છે કે - "એક નેકીનો બદલો દશ ઘણો" આપવામાં આવશે. તો આપ મદીનાના વેપારીઓ તમે ગવાહ (સાક્ષી) રેહજો કે, હું આ તમામ અનાજની ગુણો અલ્લાહના માર્ગમાં જરૂરતમંદો માટે સદકો કરી દઉં છું.

ખુદાના વાઅદા પર યકીન ઈન્સાનના હોંસલાને એટલા બુલંદ કરે છે કે, ગમે તેટલી મોટી કુરબાની તેના માટે કોઈ મુશ્કેલ નથી.

અલ્લાહ તઆલા અમો સૌને તે વાઅદા પર મક્કમ રહેવાની (પુરા યકીન સાથે) અને તેના માર્ગમાં પોતાના જાનમાલને કુરબાન કરવાની અમલી તૌફીક અતા કરે. બહક્કે તાહા વ યાસીન (સલ્લલ્લાહો તઆલા અલયહિ વ સલ્લમ.) આમીન.

## આપણો જીવન ધ્યેય !

*પ્યારા ઈમાની રિશ્તેદારો !* *અસ્સલામો અલયકુમ !*

કુર્આને મજીદનો અભ્યાસ કરવાથી માલુમ થાય છે કે મુસલમાનોને અલ્લાહ પાકે એક મોટી જવાબદારી સોંપી છે કે તે પુરી દુનિયા અને દરેક કૌમ અને વર્ગમાં ઈસ્લામનો પયગામ (સંદેશ) પહોંચાડે અને આ ફરજ અદા કરવા પર તેની દુનિયા અને આખેરતની ભલાઈનો આધાર રાખવામાં આવ્યો છે. આ

ફરજની અદાયગીના કારણે અલ્લાહ તઆલા એ મુસલમાનોના નેક જુથ (ઉમ્મત)ને **"ખયર ઉમ્મત"** (ભલી ઉમ્મત) તરીકે ઓળખાવી છે. રબ તબારક તઆલા ઈરશાદ ફરમાવે છે કે

"તમો આ જગતમાં સર્વોત્તમ ઉમ્મત છો જેને માણસની રહનુમાઈ (માર્ગદર્શન) અને તેમની ઈસ્લાહ (સુધારણા) માટે પૈદા કરવાં આવ્યા છો તમો નેક (ભલા કામોનો હુકમ કરો છો. અને બુરા કમોથી રોકો છો. તેમજ અલ્લાહ તઆલા પર ઈમાન ધરાવો છો" (સુરઅ આલે ઈમરાન)

ઉપરોક્ત આયતમાં નેક ઉમ્મતની ઓળખની ત્રણ નિશાનીઓ બતાવી છે. (૧) નેકીના કામો કરવાનું કહે છે શિખવાડે છે. (૨) બુરા કામોથી રોકે છે બચાવે છે. (૩) અલ્લાહ પાક પર ઈમાન રાખે છે.

અહીંયા એક ખાસ નુક્તો વિચારવા જેવો એ છે કે આ ત્રણ નિશાનીઓમાં છેલ્લી અને ત્રીજી નિશાની જે અલ્લાહ પાક પર ઈમાન રાખવાની બતાવી છે તે તો મુસલમાનોની મુળ અને પાયાની ફરજ છે. તેમ છત્તા નેકીનો આદેશ અને બુરાઈથી રોકવાનું કામ મુસલમાન માટે અતિ મહત્ત્વનું હોવાથી તેનું પહેલા વર્ણન કર્યું છે. અલ્લાહ પાક પર ઈમાન તો આગલી ઉમ્મતો પણ રાખતી હતી પણ ઉમ્મતે ખયરની ખાસ ઓળખ એ છે કે તે દીનની તબ્લીગની ઝંડાધારી જમાઅત છે. આ વિશિષ્ટ ગુણના કારણે અફઝલ ઉમ્મતનો દરજ્જો મલ્યો છે. દરેક મુસલમાનનો જીવન ધ્યેય ભલા કામોનો આદેશ અને બુરા કામોથી બચાવાનો હુકમ આપવો છે. અને કાર્ય ફક્ત મુસ્લિમો

સુધી જ નહી દુનિયાની દરેક કૌમ સુધી હોવો જોઈએ ફક્ત મસ્જીદોમાં જ તબ્લીગ કરવાથી તેનો અસલ હેતુ બર આવતો નથી. તબ્લીગ મસ્જીદ સુધી મર્યાદિત નથી. ગૈર મુસ્લિમોને ઈસ્લામનો પયગામ પહોંચાડવામાં નહીં આવે તો અમારી જવાબદારી પરિપુર્ણ થયેલી ગણાશે નહીં.

આજે આપણામાં જે જે તકલીફો, મુસીબતો, બલાઓ હેરાનગતિઓ ઉભી થઈ છે. તેનું કારણ એ જ છે કે આપણે દાવતો તબ્લીગના કાર્યને ઢીલુ મુકી દીધું છે.

સહાબાઓએ અને ઔલીયાએ કીરામે આ ખિદમતને કોઈપણ જાતના ભેદભાવ વિના ઈસ્લામની તબ્લીગ દરેક સ્થળે, દરેક કૌમમાં કરી અને એજ ખરી તબ્લીગ હતી.

ઈમાનવાળા માટે ઈમાનનો સૌથી ઉત્તમ દરજ્જો તાકાત વડે બુરાઈને રોકવાનો છે. બીજો દરજ્જો જીભથી બુરાઈને રોકવાનો છે. ત્રીજો દરજ્જો દિલથી બુરા કામોથી નફરત કરવાનો છે. આ ત્રણે દરજ્જાનું કાર્ય તબ્લીગના કામમાં જોવા મળે છે. જે આપણો (મુસલમાનો)નો જીવન ધ્યેય છે. ખુદા તઆલા તેના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સદકામાં અમો સૌને પોતાની ફરજ સમજવાની અને તેને અદા કરવાની તૌફીક આપે આમીન.

*- અઝ : પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી (રૂપાલ)*